BRAMPTON Service and Information Update

# રહેવાસીઓને સીટીના વર્ચ્યુઅલ રિવરવૉક એરિયાના અર્બન ડિઝાઇન માસ્ટર પ્લાનના જાહેર માહિતી સત્રમાં હાજર રહેવા આમંત્રિત કરવામાં આવે છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (માર્ચ 8, 2021) – સીટી ઓફ઼ બ્રેમ્પટન રિવરવૉકને હકીકતમાં પરિવર્તિત કરવા આગળના પગલાઓ ભરી રહ્યું છે. રહેવાસીઓને બુધવાર, માર્ચ 17, 2021 નાં રોજ સાંજે 6:30 થી 8 વાગ્યા વચ્ચે સીટીના રિવરવૉક એરિયાના અર્બન ડિઝાઇન માસ્ટર પ્લાનના બીજા જાહેર માહિતી સત્રમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે. રહેવાસીઓ પાસે પરિવર્તનશીલ રિવરવૉક પ્રોજેક્ટ વિશે વધુ જાણવાની અને ડિઝાઇન નિર્દેશો અને કલ્પનાઓ પર પોતાનો પ્રતિભાવ વહેંચવાની તક રહેશે.

જાહેર માહિતી સત્ર ઓનલાઇન યોજાશે, જેમાં બેઠકના દિવસે જીવંત જોડાવાની લિંક અહીં આપી છે. પ્રોજેક્ટ વિશે પશ્ચાદભૂ માહિતી અહીં મેળવી શકાય છે, www.brampton.ca/riverwalk

રિવરવૉક પ્રોજેક્ટ બ્રેમ્પટનના ડાઉનટાઉનને પુનર્જીવિત કરવામાં મદદરૂપ થશે અને તેને કાયમી, આરોગ્યપ્રદ અને લચીલું બનાવશે. રિવરવૉકનો હેતુ ડાઉનટાઉન બ્રેમ્પટનમાં પૂરનું જોખમ દૂર કરવા એક નવીન, લાંબા-ગાળાનો ઇજનેરી ઉકેલ આપવાનો છે, જે છેવટે શહેરી વૃદ્ધિ અને વિકાસ સર્જશે, રોકાણ આકર્ષશે અને આ વિસ્તારની જાહેર જગ્યાનું વિસ્તરણ અને સુધારો કરશે.

**ઝડપી હકીકતો**

- રિવરવૉક એરિયા અર્બન ડિઝાઇન માસ્ટર પ્લાન એક ખુલ્લી જગ્યાનો માસ્ટર પ્લાન છે જે પૂર સંબંધિત માળખાગત સગવડનું સૌંદર્યમય નિરૂપણ, ઘાટી સાથેની ખુલ્લી જગ્યાની વ્યવસ્થા, સક્રિય પરિવહન નેટવર્કનું એકીકરણ, પર્યાવરણ અને આર્થિક ટકાઉપણું, જાહેર આરોગ્ય મુદ્દાઓ અને કાર્યક્રમો, અને રિવરવૉક માટે એકંદરે દૂરંદેશીપણાંના અમલીકરણ માટેની કલ્પનાઓ વિકસાવશે.
- રિવરવૉકથી ખાતરી થશે કે ડાઉનટાઉન બ્રેમ્પટન ત્યાં રહેતા અને તેની મુલાકાત લેતા બધાં લોકો માટે એક આનંદપ્રદ જગ્યા છે.
- રિવરવૉક પ્રોજેક્ટથી ન કેવળ ડાઉનટાઉન બ્રેમ્પટનમાં પૂરનું જોખમ ઘટશે, પણ શહેરી ફેલાવો અને વિકાસનું સર્જન કરીને અને આ વિસ્તારમાં રોકાણ આકર્ષીને તકોથી ભરપૂર શહેર બનવાની પોતાની અગ્રતા જ્ઞાત કરવા શહેરમાં મહત્વનો ભાગ ભજવશે.
- ઍટોબીકોક ક્રીક વૅલી કોરિડોર અને ટ્રેઇલ સિસ્ટમથી જોડાયેલી જાહેર જગ્યાઓ અને બગીચાઓથી ઘેરાયેલા, આ વિસ્તાર મારફ્તે ઍટોબીકોક ક્રીકનું પુનઃસર્જન કરવાની કલ્પના રિવરવૉક સૂચવે છે.
- તેનાથી એ અપેક્ષા રાખવામાં આવે છે કે ડાઉનટાઉનમાં 3.6 મિલિયન ચોરસ ફૂટ જેટલી આવાસીય, વાણિજ્યક અને રિટેઇલ જગ્યા ખુલ્લી થશે, 23,000 ઉપરાંત નોકરીઓનું સર્જન થશે અને GDP પર $1.4 બિલિયનનો પ્રભાવ પડશે.
- નવેમ્બર 2020 માં, ગવર્મેન્ટ ઓફ઼ કેનેડાએ ઘોષણા કરી હતી કે સીટી ઓફ઼ બ્રેમ્પટનને EA માં સૂચવેલી પૂર સંરક્ષણ કામગીરીઓના અમલીકરણ માટે $38.8M નું ડિઝાસ્ટર મિટિગેશન અને એડેપ્શન ફંડ મળશે. વધુમાં, કાઉન્સિલે પૂર સંરક્ષણ કામગીરીઓની વિગતવાર ડિઝાઇન માટે 2021 મૂડી અંદાજ (કેપિટલ બજેટ) મારફ્તે $5.88M મંજૂર કર્યા છે.

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ઼ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca